ગુણવદ્ બહુમાનાદેર્નિત્યસ્મૃત્યા ચ સત્ક્રિયા
જાતં ન પાતયેદ્ ભાવમજાતં જનયેદપિ

<u>શબ્દાર્થ</u>: ગુણવદ્ બહુમાનાદે: = ગુણિજનોના બહુમાન વગેરેથી, નિત્યસ્મૃત્યા = વ્રતો વગેરેના નિત્ય સ્મરણ વડે, સત્ક્રિયા = શુભ ક્રિયા, જાતં = ઉત્પન્ન થયેલ, ભાવં = ભાવને, ન પાતયેત્ = ન પાડે, અજાતં = નહિ ઉત્પન્ન થયેલા ભાવને, અપિ = પણ, જનયેત્ = ઉત્પન્ન કરે

<u>શ્લોકાર્થ</u>: ગુણી આત્માઓની બહુમાનાદિ અને પૂર્વે ગ્રહણ કરેલા વ્રત નિયમાદિનું નિત્ય સ્મરણ કરવાની ક્રિયા કરવાથી, આત્મામાં પ્રગટ થયેલો ઉત્તમ ભાવ પતન પામતો નથી, તેમાં વધારો થતો જાય અને નહિ ઉત્પન્ન થયેલા ભાવનો પણ ઉત્પન્ન કરે છે.

<u>ભાવાર્થ</u>: આત્મામાં પ્રગટ થયેલા શુભ ભાવો આત્માની સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે. શુભ ભાવોની સંપત્તિ જ પરમ ~~પદ~~ પદની પ્રાપ્તિ કરી ~~સાધે~~ આપે છે. આવા સંચળ શુભ ભાવોનું રક્ષણ કરવા નીચે જણાવ્યા પ્રમાણે ઉપાયો સૂચવવામાં આવ્યા છે.

- <u>ગુણી પુરુષોના બહુમાન કરવા</u> :
  શ્રેણિક મહારાજાને પરમાત્મા મહાવીર પ્રભુ ઉપર અત્યંત બહુમાન ભાવ હતો, અને તેમનું કલ્યાણ થયું. તે જ રીતે કૃષ્ણ મહારાજાને શ્રી નેમિનાથ પ્રભુ પ્રત્યે અપાર બહુમાન હતું.

- <u>વ્રતોનું નિત્ય સ્મરણ કરવું</u> :
  ભૂતકાળમાં ગુરુ વગેરે ઉપકારી પુરુષો પાસે ગ્રહણ કરેલા વ્રતોનું સ્મરણ કરવાથી વ્રતપાલનમાં ઉત્સાહ વધે છે અને નવા નવા અધિક પચ્ચખાણ કરવાના ભાવ થાય છે. વ્રત પાલનથી ઉત્પન્ન થયેલા અશુભ ભાવો દૂર થઈ જાય છે.

• <u>પાપો પ્રત્યે ઘૃણા - જુગુપ્સા કરવી</u>:

આપણે જે પાપોનો ત્યાગ કર્યો હોય તે પાપો પ્રત્યે ફરીપણ આકર્ષણ ન થાય તે માટે પાપોની ઘૃણા અને તિરસ્કાર કરતાં રહેવું. મિથ્યાત્વ, અસંયમ અને કષાયવાળા ભાવોની નિંદા કરવી.

• <u>દોષોનો પશ્ચાત્તાપ કરવો/આલોચના કરવી</u>: અને અજાણતાં લે. લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરવું. કાયોત્સર્ગ કરવો. મૃગાવતી ^

• <u>ઉત્તર-ગુણ ઉપર આરોહણ કરવું</u>:

સમ્યક્ત્વ હોય તો અણુવ્રતો લેવાં અને અણુવ્રતો હોય તો મહાવ્રતો લેવા તે ઉત્તરગુણ ઉપર આરોહણ કર્યું કહેવાય છે.

• <u>તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવી</u>:

તીર્થંકર પ્રભુનું નામ સ્મરણ, દર્શન, પૂજન અને તેમના અનંત ઉપકારોની વારંવાર સ્તુતિ કરવી. તેમના પ્રત્યેની ~~પ્રીત~~ પ્રીતિ - ભક્તિથી શુભ ભાવો વૃદ્ધિ પામે છે.

• <u>સુસાધુજનોની સેવા કરવી</u>:

મોક્ષમાર્ગને અનુકૂળ આરાધના કરનારા સાધુ પુરુષોની અશન - પાન - વસ્ત્ર - પાત્ર - વસતિ - ઔષધ વગેરેથી સેવા કરવી જોઈએ.

આમ ઉપર કહેલી ધર્મક્રિયાઓનો સમૂહ આપણા આત્મામાં ઉત્પન્ન થયેલા એવા સમ્યગ્જ્ઞાનાદિ સંવેગના પરિણામ અને નિર્વેદના પરિણામને પડવા દેતો નથી, પણ વધારે અને વધારે સ્થિર કરે છે. તથા આત્મામાં ધર્મધ્યાન જેવા વિશિષ્ટ ભાવો ન જન્મ્યા હોય તેવા ભાવો ઉત્પન્ન પણ કરે છે. આ રીતે આ ક્રિયામાર્ગ જીવને સ્વસંપત્તિ પ્રાપ્ત કરાવવામાં ઘણો જ ઉપકારી છે.

ક્ષાયોપશમિકે ભાવે યા ક્રિયા ક્રિયતે તયા
પતિતસ્યાપિ તદ્ભાવપ્રવૃદ્ધિર્જાયતે પુન:

**શબ્દાર્થ:** ક્ષાયોપશમિકે ભાવે = ક્ષાયોપશમિક ભાવમાં, યા = જે
ક્રિયા = તપ-સંયમને અનુકૂળ ક્રિયા, ક્રિયતે = કરાય છે, તયા = તે,
પતિતસ્ય = પડી ગયેલાને, અપિ = પણ, પુન: = ફરીથી,
તદ્ભાવપ્રવૃદ્ધિ = તેના ભાવની વૃદ્ધિ, જાયતે = ઉત્પન્ન થાય છે.

**શ્લોકાર્થ:** ક્ષાયોપશમિક ભાવમાં જે તપ-સંયમને અનુકૂળ ક્રિયા કરાય છે, તે ક્રિયા વડે (શુભ ભાવથી) પડી ગયેલાને પણ તે ભાવની વૃદ્ધિ થાય છે.

**ભાવાર્થ:**
અહીં એવા પતિત આરાધકને વિષે આ વાત કહેવાય છે કે જેનો વેશ સાધુનો છે. વળી સામાન્ય ક્રિયા પણ સાધુની છે પરંતુ ભાવ સાધુતાના નથી.
તેવી રીતે શ્રાવક માટે પણ કહી શકાય. ક્રિયા શ્રાવકની છે પરંતુ શ્રાવક જીવનને અનુકૂળ તપ-સંયમના ભાવ જેના મંદ પડી ગયા છે.
આવી પરિસ્થિતિમાં જો તે મનુષ્યને ફરીથી શુભ ભાવોમાં સ્થિર થવું હોય તો તેણે દૃઢ સંકલ્પ કરીને જ્ઞાન-દર્શન-ચારિત્રની ક્રિયાઓમાં પુરુષાર્થ કરવો જોઈએ.
ક્ષયોપશમ ભાવ માત્ર ઘાતી કર્મોનો જ હોય. ક્ષયોપશમ ભાવ ક્યારે ચાલી જાય તેની ખબર ના પડે. તેમાંય ઔદયિકભાવ આત્મવિશુદ્ધિના શિખર ઉપર ચઢતાં ચઢતાં પણ આવી જાય. પડી ગયેલા આરાધકને, પુન: આરોહણ કરવાનો માર્ગ અહીં બતાવે છે.

ચાર ઘાતી કર્મોનો ક્ષયોપશમ વધારો.

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ વધારવા માટે સ્વાધ્યાય કરો.
સામુહિક સત્સંગ કરવાથી, ચિંતન-મનન કરવાથી જ્ઞાન માટેનો
પુરુષાર્થ વધે છે.

દર્શનાવરણીયનો ક્ષયોપશમ વધારવા માટે આપણી ઇન્દ્રિયોનો
સંયમ વધવો જોઈએ. શાસ્ત્રવાંચનમાં ઉપયોગ વધારવો જોઈએ.

મોહનીય કર્મનો ક્ષયોપશમ વધારવા માટે ક્ષમા, નમ્રતા, સરળતા
અને સંતોષ વગેરે ગુણોને વધારતા જવું.
જગતના બધા જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખવો. અનિત્યાદિ ૧૨
ભાવના થી મન ભાવિત કરવું. હેય માં હેય બુદ્ધિ અને ઉપાદેયમાં
ઉપાદેય બુદ્ધિ રાખવી જોઈએ. જેટલી જરૂરિયાત ઓછી તેટલા કષાયો
ઓછા. પુણિયા શ્રાવકનો ક્ષયોપશમ કેમ વધ્યો? તેને માત્ર બે જણ
પુરતું જ મળે તેમાં સંતોષ હતો.

અંતરાય કર્મનો ક્ષયોપશમ પણ વધારવો.
દાન આપવાથી દાનાંતરાયનો ક્ષયોપશમ વધે.
સ્વામીવાત્સલ્યનો લાભ લેવાથી ભોગાંતરાયનો ક્ષયોપશમ વધે.
સાધુ-સાધ્વીની સગવડ સાચવવાથી ઉપભોગાંતરાયનો ક્ષયોપશમ વધે.
મન-વચન-કાયાને ધર્મમાં સમર્પિત કરવાથી વીર્યાંતરાયનો
ક્ષયોપશમ વધે.

જ્ઞાન-દર્શન-ચારિત્રના ભાવ સુરક્ષિત રાખવા માટે પરમાત્માએ
તપ-સંયમની અનેક ક્રિયાઓ બતાવી છે.

ઘાતીકર્મના ક્ષાયોપશમિક ભાવથી કરાતી ધર્મક્રિયા આત્માના
ગુણોમાં ઉઘાડ કરનારી છે. મોહનીયના ઉદયથી થતા રાગ અને
દ્વેષથી કરાતી ધર્મક્રિયા પુણ્યબંધ કરાવે પણ સંસારની રખડપટ્ટી
ટાળનારી બનતી નથી, પરંતુ પરિભ્રમણ વધારનારી બને છે, માટે
તે દ્રવ્યક્રિયા કહેવાય છે.

ગુણવૃદ્ધ્યૈ તતઃ કુર્યાત્, ક્રિયામસ્ખલનાય વા
એકં તુ સંયમસ્થાનં, જિનાનામવતિષ્ઠતે

શબ્દાર્થ: તતઃ = તેથી, ગુણવૃદ્ધ્યૈ = ગુણની વૃદ્ધિ માટે, વા = અથવા, અસ્ખલનાય = નહિ પડવા માટે, કુર્યાત્ = કરવી જોઈએ, એકં = એક, સંયમસ્થાનં = સંયમનું સ્થાનક, જિનાનાં = કેવલજ્ઞાનીને, અવતિષ્ઠતે = રહે છે.

શ્લોકાર્થ: આ કારણથી પ્રાપ્ત થયેલા ગુણોની વૃદ્ધિ માટે તથા પ્રાપ્ત ગુણોથી સ્ખલના ન થઈ જાય તે માટે ક્ષાયોપશમિક ભાવની ધર્મક્રિયા કરવી જોઈએ, કારણ કે એક જ સંયમસ્થાન હોય એવું તો કેવલીભગવંતોને જ બને છે.

ભાવાર્થ: છઠ્ઠા શ્લોકમાં ધર્મક્રિયા ક્યારે કરવી તે કહ્યું. આ, સાતમા શ્લોકમાં ધર્મક્રિયા ક્યાં સુધી કરવી તે જણાવ્યું છે. જ્યાં સુધી સંપૂર્ણ ગુણો પ્રગટે નહિ ત્યાં સુધી ક્રિયા અનિવાર્ય છે, કારણ કે ક્રિયા નહિ કરવાથી પ્રગટેલ આંશિક ગુણો પુનઃ (ફરીથી) આવરાઈ જાય છે. ક્રિયાના પ્રભાવે પ્રગટેલા ગુણોની રક્ષા અને તેમાં વૃદ્ધિ પણ થાય છે.

પૂર્ણ આરોગ્ય પ્રગટ્યા પહેલાં ઔષધને છોડી દેવાથી પ્રગટેલું આરોગ્ય નાશ પામે છે, તેથી જેમ પૂર્ણ આરોગ્ય પ્રગટતા સુધી ઔષધ જરૂરી છે તેમ ગુણોનો સંપૂર્ણ પ્રાદુર્ભાવ (પ્રગટ) ન થાય ત્યાં સુધી તે તે અવસ્થાને અનુરૂપ તે તે ક્રિયા અનિવાર્ય છે.

એક સંયમસ્થાન (સંપૂર્ણ ઉત્કૃષ્ટ શુદ્ધિ) તો જેઓનો મોહનાશ થયો હોય તે નિર્મોહી (સર્વજ્ઞ) આત્માઓને સ્થિર હોય છે. તે પૂર્વે તો ગુણો અસંપૂર્ણ પ્રગટ્યા હોય છે, તેને પૂર્ણ કરવા ક્રિયા અનિવાર્ય છે. કોઈ પણ કાર્ય અધૂરું છોડી દેવાથી થયું હોય તે પણ નાશ પામે છે અને ચાલુ રાખવાથી પૂર્ણ થાય છે.

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ આત્માના જે શુદ્ધ ગુણો છે, તે ગુણોની વૃદ્ધિ માટે ક્રિયા કરવી જોઈએ. આત્માના મોહનાશક એવા સમ્યગ્ગુણોના વિકાસ માટે સત્પ્રવૃત્તિરૂપ ક્રિયા કરવી જોઈએ. આ એક કારણ ધર્મક્રિયા કરવા માટે છે.

બીજું કારણ એ છે કે પ્રાપ્ત થયેલા ગુણોથી આત્મા પતન ન પામે તે માટે સત્પ્રવૃત્તિરૂપ ધર્મક્રિયા કરવી જોઈએ. ધર્મક્રિયાના આલંબન વિનાનો જીવ આત્માની સાધક અવસ્થામાં ટકી શકવાને અસમર્થ બને છે, કારણ કે પ્રાપ્ત થયેલી વીર્યશક્તિ ચપલતાવાળી હોય છે એટલે કે ચંચળ હોય છે. શુભક્રિયા ન હોય તો તેવી વીર્યશક્તિ તરત જ અશુભક્રિયા કરવા લાગે છે. સ્વાધ્યાય, સત્સંગ વગેરે ઉત્તમ ધર્મ અનુષ્ઠાન ન હોય તો આ જીવ તરત જ અર્થ-કામની કથામાં જોડાઈ જાય છે. તેથી પરિણામની ધારાને પડતી રોકવા અને ચડતી કરવા સત્પ્રવૃત્તિનું આલંબન રાખવું જોઈએ: જેમકે સામાયિક, પ્રતિક્રમણ, જપ, ગુરુસેવા, તીર્થયાત્રા. જો એક જ અધ્યવસાય સ્થાનક હોત તો સત્પ્રવૃત્તિની જરૂર ન રહેત. પરંતુ ક્યારેય પતન ન પામે તેવું અપ્રતિપાતિ એક જ અધ્યવસાય સ્થાનક તો ક્ષાયિકજ્ઞાન અને ક્ષાયિક ચારિત્રગુણવાળા (કેવલજ્ઞાન-કેવલદર્શન અને યથાખ્યાત ચારિત્રવાળા) જિનોને - વીતરાગ ભગવંતોને જ હોય છે. આ અધ્યવસાય સ્થાન આત્માના શુદ્ધ અને પૂર્ણ સ્વરૂપની એકતાવાળું છે. આવા પ્રકારનું આ અધ્યવસાય સ્થાન તો કેવલીને જ સંભવ છે અન્યને હોતું નથી. તેથી શુભ પ્રવૃત્તિનું નિમિત્ત જો ન હોય તો [ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થયેલા જીવો તથા કેવલી ભગવંતો વિનાના] અન્ય જીવોનું પતન થવાનો સંભવ છે. માટે અન્ય જીવોનું પતન ન થાય, ચડતી જ રહે તથા દિનપ્રતિદિન ગુણોની વૃદ્ધિ જ થાય તે માટે ઉત્તમ આત્માઓએ અવશ્ય સત્પ્રવૃત્તિરૂપ ક્રિયા કરવી જોઈએ.

વચસોઽનુષ્ઠાનતોઽસંગાત્, ક્રિયા સંગતિમંગતિ
સેયં જ્ઞાનક્રિયાઽભેદ, ભૂમિરાનંદપિચ્છલા

**શબ્દાર્થ:**
વચસોઽનુષ્ઠાનતઃ = વચનના અનુષ્ઠાન કે, અસંગક્રિયાસંગતિં = અસંગક્રિયાની યોગ્યતાને, અંગતિ = પામે છે, સા = તે, જ્ઞાનક્રિયાઽભેદભૂમિઃ = જ્ઞાન અને ક્રિયાની અભેદ ભૂમિકા, આનંદપિચ્છલા = આત્માના આનંદ વડે ભીંજાયેલી છે.

**શ્લોકાર્થ:**
વચન અનુષ્ઠાન કે અસંગ અનુષ્ઠાન રૂપ ધર્મક્રિયાની પ્રાપ્તિ થાય છે. તે અસંગઅનુષ્ઠાનવાળી જે ક્રિયા છે તે જ જ્ઞાન અને ક્રિયા અભેદભાવવાળી છે તથા સ્વાભાવિક એવા પૂર્ણ આનંદથી (ભીંજાયેલી) ભરેલી આ ક્રિયા છે.

**ભાવાર્થ:**
જ્ઞાન અને ક્રિયા (વચ્ચેનો ભેદ દૂર થવો જોઈએ) બંને અભેદ થવા જોઈએ. બંને જુદા હોય તો મોક્ષ ન થાય. આ શ્લોકમાં ચાર અનુષ્ઠાનોની વાત કરી છે.
(૧) પ્રીતિ અનુષ્ઠાન (૨) ભક્તિ અનુષ્ઠાન (૩) વચનઅનુષ્ઠાન અને (૪) અસંગઅનુષ્ઠાન
જેમ પુત્રને પ્રથમ અજ્ઞાન અવસ્થામાં માતા પ્રત્યે પ્રીતિ (સ્નેહ) હોય છે. પછી તેના ઉપકારનું જ્ઞાન થતાં ભક્તિ પ્રગટે છે. એટલે કે પૂજ્યભાવ પ્રગટે છે.
કૃતજ્ઞતાનો ભાવ પણ અધિક વિકાસ થતાં તેની આજ્ઞાનો પૂર્ણપણે પાળે છે. અને એ અભ્યાસથી છેવટે તે સહજ મનુષ્ય માતાની આજ્ઞા વિના (સહજ ભાવથી) સ્વાભાવિક જ તેની સેવા કરે છે.
આ જ રીતે પ્રાથમિક કક્ષામાં વચન ધર્મ, ધર્મના સાધનો

અને ધર્મોપદેશક (પરમાત્મા) પ્રતિ પ્રીતિ પ્રગટે છે.
પછી તેમના ઉપકારો સમજાય છે, ત્યારે કૃતજ્ઞતા - ભક્તિ -
પૂજ્યભાવ પ્રગટે છે. કૃતજ્ઞતાની સાથે વૃદ્ધિ અને શુદ્ધિ
થતાં જિનેશ્વરની આજ્ઞા તેને માટે સહજ બની જાય છે.
આ વખતે જિનાજ્ઞાના બળે તેની સર્વ પ્રવૃત્તિ જિનવચના-
નુસારિણી બને છે. તેને વચન અનુષ્ઠાન કહ્યું છે.
પછી જિનવચનના પણ આલંબન વિના, જેની સર્વ પ્રવૃત્તિ
સ્વાભાવિક બને છે. તેને <u>અસંગ અનુષ્ઠાન</u> કહ્યું છે.

આ રીતે વચનઅનુષ્ઠાનની ક્રિયાવાળો જીવ અનુક્રમે
અભ્યાસકાળમાં અસંગઅનુષ્ઠાનને પ્રાપ્ત કરે છે.

પરમાત્માના વચનોને અનુસરવાના વિકલ્પોવાળી જે ધર્મક્રિયા
તે વચનાનુષ્ઠાન.
વિકલ્પો વિનાની નિર્વિકલ્પદશા રૂપ તથા બુદ્ધિપૂર્વક કોઈપણ
જાતનો જેમાં પ્રયત્ન કરવાનો નથી અને સહજ રીતે આપોઆપ
થઈ જ જાય છે એવી, નિષ્પ્રયાસરૂપ ધર્મક્રિયાને
અસંગ અનુષ્ઠાન કહેવાય છે.

વચન અનુષ્ઠાન ક્રમશ: જ્યારે અસંગ અનુષ્ઠાન બને છે,
ત્યારે બંનેનો ભેદ મટી જાય છે અને તે બંને એકરૂપ બની
જાય છે. આ એકતામાં વચનાનુષ્ઠાન રૂપ શુદ્ધ જ્ઞાનોપયોગ
અને અસંગાનુષ્ઠાન રૂપે શુદ્ધ વીર્યોલ્લાસ, બંને એકરૂપ
બને છે માટે તે અવસ્થા, સ્વરૂપ આનંદના અમૃતને
ઝરતી જ્ઞાન-ક્રિયા અભેદરૂપ બને છે.
જ્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી જ્ઞાન-ક્રિયા બંને
પરસ્પર સાપેક્ષ બની અન્યોન્ય વૃદ્ધિ કરે છે અને જ્ઞાન
પૂર્ણ થતાં ક્રિયા પણ પૂર્ણ થાય છે, ત્યારે કાર્યકારણ ભાવ
મટી બંને એકીભાવને પામે છે.